**શ્રમ અદાલત ન. ૧ . વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી જે.એમ.ચૌહાણ સમક્ષ.**

**રીકવરી અરજી (સી–૨)નં.૨૬/૨૦૨૫**

**આંક: ૧૩**

**અરજદાર:–** **મોરારભાઈ ગણેશભાઈ મકવાણા ઉર્ફે મહેન્દ્રભાઈ**
૧૮૩ (૨), વાલ્મિકી વાસ, રતનપુર(કાટડી),
તા.ગોધરા, જી.પંચમહાલ.
C/o.નયા ગુજરાત કામદાર યુનિયન,
ડી–૩૨, સ્વામીનારાયણ નગર–૪,
હરણી રોડ,વડોદરા

**::–વિરુધ્ધ ::–**

**સામાવાળા:–** **પ્રતિ માલિક શ્રી/ભાગીદાર,**
રાજસ્થાન મેટલ મર્ચન્ટ વેલફેર એસોસીએશન,
કાછીયા પટેલ બોડીંગ ની પાછળ,
સાધના કોલોની ની પાછળ, રાજમહેલ રોડ,
વડોદરા–૩૯૦૦૦૧

**હાજર રહ્યા:**

અરજદાર તરફે: વિ.યુનિયન પ્રતિનીધી શ્રી વિષ્ણુભાઈ મકવાણા

સામાવાળા તરફે: વિ.વ. શ્રી જગદિશ પી. ઠક્કર

**::હુકમ::**

(૧) અરજદારે હાલની રીકવરી અરજી ફોર્મ (ખ)– (૨૦) જુઓ નિયમ –

૬૭ (૨) ઔધોગીક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૩૩ –ગ (૩૩–સી)ની પેટા કલમ– (૨) હેઠળ અરજ દાખલ કરેલ છે.જેમાં મુખ્યત્વે  નીચે મુજબની દાદ માગેલ છે.

- સામાવાળા સંસ્થા એ અમો અરજદાર ને સને–૧૯૯૭ થી તા.૦૫/૧૨/૨૦૨૪ સુધી ની લઘુતમ વેતન ધારા કરતા ઓછા ચુકવાયેલ પગાર ની લેણી થતી રકમ તેમજ ભરપગારી હક્કરજા નો પગાર તથા અઠવાડીક ભરપગારી રજા ની પગાર ની લેણી થતી રકમો મળી કુલ રુ.૧૧,૭૯,૩૯૩.૦૨ પૈસા પર ૯% વ્યાજ સહિત સામાવાળા સંસ્થા ચુકવી આપે તેવો હુકમ કરવા મે.કરશોજી
- સામાવાળા સંસ્થા પાસે થી ઓછા ચુકવાયેલ પગાર ની તફાવત ની રકમ, તથા ભરપગારી હક્કરજા નો પગાર તથા અઠવાડીક હક્ક રજા નો પગાર સામાવાળા સંસ્થા પાસે કાયદેસર લેણા નિકળે છે તેની ગણતરી કરાવશોજી
- આ અરજી સામાવાળા સંસ્થા ના કસૂરના કારણે કરવી પડેલ હોય તે ખર્ચ ના રૂ. ૫૦૦૦/– સામાવાળા ચૂકવી આપે તેવો હુકમ કરશોજી.

**(૧.૧)** હાલની અરજીમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે ,
અમો નીચે સહી કરનાર મોરારભાઈ ગણેશભાઈ મકવાણા ઉર્ફે મહેન્દ્રભાઈ તરફે નીચે મુજબ ની નમ્ર અરજ છે કે, આ કામ ના સામાવાળા સંસ્થા ની નોંધણી રજીસ્ટ્રેશન ન: E 5007 થી તા.૧૯/૦૭/૧૯૯૬ ના રોજ થી સંસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુમાસ્તા ધારા હેઠળ થયેલ છે.આમ, અમો અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર માલિક નો સંબંધ પ્રસ્થાપિત થયેલ છે. જેથી આ કામ ના અરજદાર સામાવાળા સંસ્થા મા તા.૦૧/૦૫/૧૯૯૭ વર્ષ થી નોકરી મા જોડાયા હતા ત્યારથી સામાવાળા ના માલિકીની વાડી મા વોચમેન/માળી તરીકે નુ કામ કરતા હતા. અમો અરજદાર ને તા.૦૪/૧૨/૨૦૨૪ ના રોજ માસિક પગાર ની ચુકવણી કરી મૌખિક હુકમ થી તા.૦૫/૧૨/૨૦૨૪ ના રોજ છુટા કરવા મા આવેલ છે.ત્યારે અમારો છેલ્લો માસિક પગાર રુ.૯૦૦૦/– પ્રમાણે ચુકવણી કરવા મા આવતી હતી. અમો અરજદાર ને સામાવાળા ના ચોપડા મા સવારે ૯:૩૦

થી સાંજ ના ૫:૩૦ સુધી કામ કરતા દર્શાવવા મા આવેલ છે પરંતુ અમો અરજદાર ની નોકરી ૨૪ કલાક ની હતી. અમો અરજદાર ને સામાવાળા ની વાડી માં નાની કાચી પતરાવાડી ઓરડી આપવા માં આવી હતી જેમા રહી અમો ૨૪ કલાક વાડી ની દેખરેખ રાખતા અને બગીચા માં માળી તરીકે નુ કામ કરતા આવેલ છે.

૨. સંસ્થા શરુ થયા ત્યાર થી જ અમો અરજદાર સામવાળા ની વાડી મા વોચમેન/માળી નુ કામ કરતા આવેલા હોવા છતા અમો અરજદાર ને આજદિન સુધી અમો અરજદાર ને કાયમી કરેલ નથી કે કાયમી કામદારો ને મળતા લાભ આપવા મા આવેલ નથી. આમ, અમો અરજદાર ને શરુઆત મા એટ્લે કે વર્ષ–૨૦૦૨ મા રુ.૧૦૦૦/– માસિક ચુકવણી કરવા મા આવતી હતી. આમ, અમો અરજદાર ને લઘુતમ વેતન ધારા કરતા ઓછો પગાર ચુકવતા હતા તેમજ ભરપગારી અઠવાડિક રજા તથા ભર પગારી હક્કરજા કાયદાકીય ચુકવતા ન હતા. અમો અરજદાર નોકરી મા જોડાયા ત્યારે ઘણો ઓછો પગાર ચુકવવામાં આવતો હતો પરંતુ લઘુતમ વેતન અધિનિયમ હેઠળ–૧૯૯૭ વર્ષ થી બેઝીક પગાર તેમજ મોંઘવારી ભથ્થા નો સમાવેશ કરવા માં આવેલ છે તેના કરતા ઓછો પગાર સામાવાળા સંસ્થા ના માલિક ચુકવતા હતા. અમો અરજદાર ને માસિક પગાર રુ. ૯૦૦૦/– પ્રમાણે પગાર ની ચુકવણી વાઉચર પર કરવામા આવતી હતી. સદર પગાર લઘુત્તમ અધિનીયમ કાયદાઓની જોગવાઈઓ કરતા ઓછો પગાર ચુકવવામાં આવતો હતો. જેથી અમો અરજદાર નોકરીમાં જોડાયા ત્યારથી દરેક વર્ષમાં જે તે સમયે પગારની ચુકવણી કરેલ છે તે રકમની ગણતરી આ સાથે અલગથી રજુ કરેલ છે. અને ઉપર જણાવ્યા મુજબની મુખ્યત્વે દાદ માગેલ છે.

**(૨)** આ કામે સામાવાળા ને જવાબ તેમજ સુનવણી માટેની નોટીસ ઇશ્યુ કરવાનો અરજી લગત હુકમ કરવામાં આવે છે અને આંક–૨ થી નોટીસ મુજબ બેલીફ મારફત સામાવાળાને બજવણી થઇ ગઇ છે. સામાવાળા તરફે આ કામે વિ.વ.શ્રી હાજર થયેલ છે. આંક–૮ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

| અ.નં. | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | રાજસ્થાન મેટલ મર્ચન્ટ વેલ્ફેર એસોસીએશનના પ્રમુખશ્રી દ્વારા આપવામાં આવેલ પત્રની ઝેરોક્ષ | ૨૪/૦૬/૨૦૨૫ |
| ૨ | રાજસ્થાન મેટલ મર્ચન્ટ વેલ્ફેર એસોસીએશનના બંધારણના પેજની ઝેરોક્ષ કોપી | |

(૩) આ કામે સામાવાળા તરફે આંક–૯થી અરજીનો જવાબ રજુ રાખેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, અરજદારની હાલની રિકવરી અરજ તદ્દન ખોટી, ઉપજાવી કાઢેલી તેમજ ગેરકાયદેસરની હોય રદ્દ થવાને પાત્ર છે. સદર રિકવરી અરજ કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતોની વિરુદ્ધ હોય પ્રથમ દર્શનીય રીતે રદબાતલ છે. હાલની રિકવરી અરજને INDUSTRIAL DISPUTE ACT - 1947 લાગુ પડતો જ નથી. અમો. સામાવાળા – રાજસ્થાન મેટલ મર્ચન્ટ વેલ્ફેર એસોસીએશન એ એક સાર્વજનિક ટ્રસ્ટ છે, જે બોમ્બે પબલીક ટ્રસ્ટ એકટ, ૧૯૫૦ હેઠળ નોંધાયેલ સંસ્થા છે. જેનો જાહેર ટ્રસ્ટ નોંધણી નં. E–5007 છે. જેનો મુખ્ય હેતુ કોઈ પણ નાત – જાતના ભેદભાવ વગર સમાજ કલ્યાણ અર્થે તથા સમાજના ઉત્કર્ષ માટેની પ્રવૃતિઓ હાથ ધરવી એ જ છે. સદર સંસ્થામાં કોઈપણ વ્યકિતને નોકરી રાખવામા આવતા નથી કે માસિક પગાર ધોરણે એપોઇંટમેંટ લેટર પણ આપતા નથી. જેથી કરીને INDUSTRIAL DISPUTE ACT - 1947 લાગુ પડતો જ નથી. આથી, હાલની રિકવરી અરજ રદબાતલ છે.

વધુમાં જણાવેલ છે કે, અરજદાર પોતાનું સાચું નામ છુપાવે છે તેમજ અમારી સંસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુમાસ્તા ધારા હેઠળ નોંધાયેલી સંસ્થા નથી. તેમજ E–5007 એ ગુમાસ્તા ધારાનો નંબર નથી, પરંતુ ચેરિટિ કમિશનર વડોદરા દ્વારા આપવામાં આવેલ પબલીક ટ્રસ્ટ રજી. નંબર છે. અરજદાર અને સામાવાળા વચ્ચે માલિક અને નોકર તરીકેના સબંધો પ્રસ્થાપિત થયેલ છે, તે વાત તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલી છે. આથી, હાલની રિકવરી અરજ રદ થવાને પાત્ર છે.

(૪) બાદ સદર કામ અરજદારના પુરાવા ઉપર મુલત્વી રહેલ આ કામે આંક–૧૦ થી સામાવાળા તરફે તેમના વિ. વ.શ્રીએ અરજદારના પુરાવાનું સ્ટેજ બંધ કરવા માટેની અરજી રજુ રાખેલ જે મંજુર કરવામાં આવેલ છે.

(૫) બાદ આ કામે સામાવાળા તરફે આંક–૧૧ થી સદર રીકવરી અરજી ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબબની અરજી રજુ રાખેલ જે સાંભળવા માટે મુલત્વી રાખેલ દરમિયાન આંક–૧૨ થી અરજદાર તરફે સામાવાળા સંસ્થા પાસેથી અગત્યના દસ્તાવેજો રજુ કરાવવા અંગે અરજ રજુ રાખેલ જે અરજી ઉપર સામાવાળા તરફે તેમના વિ. વ.શ્રીએ શેરો મારેલ છે અને જણાવેલ છે કે હાલની અરજી સુસંગત નથી તેમજ સદર કામ માં અરજદારનો પુરાવાનો હક બંધ થઇ ગયેલ હોય તેવો પુરાવાનો હક ઓપન કરાવ્યા વગર આવી અરજી રજુ રાખી શકાય નહી. તેમજ સામાવાળા તરફે રજુ જવાબની હકીકત લગત કોઈ કાઉન્ટર જવાબ પણ આપેલ નથી અને અરજદારે પોતાનું આઇ.કાર્ડ રજુ કરેલ નથી તેમજ સામાવાળી સંસ્થાને ગુમાસ્તા ધારા હેઠળ નોંધાયેલ રજીસ્ટર સંસ્થા છે તેવું જણાવેલ છે જેથી આ હાલની અરજી ચાલવા પાત્ર નથી. અરજી ખર્ચ સાથે રદ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૬) આમ આ કામે પડેલ પુરાવો અને થયેલ રજુઆત ધ્યાને લેતા આ કામના અરજદારની હાલની અરજી માં અરજદારે સને ૧૯૯૭થી તા. ૦૫.૧૨.૨૦૨૪ સુધીની લઘુત્તમ વેતન ધારા કરતા ઓછા ચુકવાયેલ પગારની લેણી થતી રકમ તેમજ ભર પગારી હક રજાનો પગાર તથા અઠવાડીક ભર પગારી રજાની પગારની લેણી થતી રકમ મળી કુલ રૂ. ૧૧,૭૯,૩૯૩.૦૨ પૈસા પર ૯% વ્યાજ સહિત સામાવાળા સંસ્થા તેઓને ચુકવી આપે તેવો હુકમ કરવા તેમજ ઓછા ચુકવાયેલ પગારની તફાવતની રકમ તથા ભરપગારી હક રજાનો પગાર તથા અઠવાડીક હક રજાનો પગાર સામાવાળા સંસ્થા પાસે કાયદેસર લેણા નીકળે છે તેની ગણતરી સામાવાળા સંસ્થા પાસે કરાવાની માગણી કરેલ છે. જે અરજીનો જવાબ સામાવાળા તરફે આંક–૯ થી રજુ છે અને અરજદાર અને સામાવાળા વચ્ચે માલિક અને નોકર

તરીકે ના સંબંધો ની વાત ઉપજાવી કાઢેલાનું જણાવે છે. અને અરજદારને પગારદાર નોકરી તરીકે નોકરીએ રાખેલ નહી હોવાનું જણાવેલ છે તેવા સંજોગોમાં અરજદારે આ કામમાં અરજીની હકીકીત સાબિત કરવા પુરાવો રજુ કરવો જોઈતો હતો આ કામે અરજદારનો પુરાવાનો હક બંધ કરવામાં આવેલ છે. અને આમ અરજદાર અરજીની હકીકત સાબિત કરવામાં નિષ્ફળ રહેલા હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) અરજદારની રીકવરી (સી-૨) અરજી નં. ૨૬/૨૦૨૫ પુરાવો રજુ કરવાના અભાવે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવામાં આવે છે.

સમગ્ર કેસની હકીકતો ધ્યાને લેતાં ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ: ૨૩ /૦૪/૨૦૨૬**
**સ્થળ: વડોદરા.**
મીનાબહેન ડી.બારોટ (સ્ટેનો)

**(જ્યોતિબેન માધવલાલ ચૌહાણ)**
**પ્રિસાઈડીંગ ઓફિસર**
**મજુર અદાલત (નં.૧), વડોદરા.**
**યુ. આઈ. કોડ નં. જી.જે.૦૦૭૨૮**